


ચલો સ્કૂલ ચલે હમ... - શૈક્ષણિક સત્રના આરંભ સાથે શહેરના જનજીવનમાં નવી ચેતના પ્રસરી હતી... બાળકોમાં સોમવારે વહેલી સવારથી શાળા પહોંચવાની ઉત્તેજના વર્તાતી હતી... શહેરની શાળાના પ્રથમ દિવસે ઉત્સાહ પૂર્વક નવા દફતર, નવા વર્ગો અને નવા લક્ષ્યસાથે પહોંચ્યા હતા... વાલીઓ પણ બાળકોને શાળાના પ્રથમ દિવસે શિખામણો આપતા આપતા સ્કૂલે મુકવા આવ્યા હતા...

# શહેરના જ-માર્ગ પર લાલ રંગના ફુલોથી નિખરશે : ત્રણ હજાર રોપાઓની વાવણી

## વિશ્વ વન દિવસ નિમિત્તે વનતંત્રએ પેથોડીયા અને લાલ ચંપાના રોપાઓની વાવણી કરી

ગાંધીનગર તા ૫

આજે વિશ્વ વન દિવસ નિમિત્તે વનતંત્ર દ્વારા શહેરના જ માર્ગ પર વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવી હતી. વનતંત્ર દ્વારા જ માર્ગ પર પ્રથમ હરોળમાં કલરકોડ મુજબ લાલ રંગના ફુલો નિખરે તે માટે પેથોડીયા તેમજ લાલ ચંપાના રોપાઓની વાવણી કરવામાં આવી હતી. અંદાજિત ૧ હજાર રોપાઓની વાવણી કરવામાં આવી હતી. વરસાદી દિવસો દરમિયાન શહેરમાં ૧૦ હજાર રોપાઓની વાવણી કરવામાં આવશે. આ માટે ખાડા ખોદી તૈયાર કરી દેવાયા છે. જયારે વરસાદી દિવસો પુર્વે જ વાવેતરનુ કામ પુર્ણ કરી દેવામાં આવશે.

શહેરમાં ચોમાસા દરમિયાન પ્રતિવર્ષ વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આગામી વરસાદી દિવસોને અનુલક્ષીને પણ રોપાઓની વાવણી માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં શહેરના વન આરક્ષિત વિસ્તારમાં અંદાજિત ૧ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. આ માટે વનતંત્ર દ્વારા જરૂરી ઠેકાણે ખાડા ખોદી દેવાયા છે. જયારે રોપાઓની વાવણીને અનુલક્ષી નવી લોખંડના એંગ્લ વાળી ફેન્સીંગ પણ ફીટ કરી દેવાઈ છે.

જયારે આજે વિશ્વ વન દિવસના રોજ વનતંત્ર દ્વારા નગરના જ માર્ગ પર વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે ૧ હજાર જેટલા રોપાઓની વાવણી કરાઈ હતી. જેમાં પ્રથમ હરોળમાં પેથોડીયા નામના રોપાઓની વાવણી કરાઈ હતી. જેમાં જ માર્ગના કલરકોડ મુજબ લાલ રંગના ફુલ નિખરશે. જયારે બીજી હરોળમાં લાલ ચંપાના રોપાઓની વાવણી કરવામાં આવી હતી. ત્યારબાદ હવે ફળાઉ વૃક્ષોની વાવણી કરવામાં આવશે. જેમાં રાયણ સહીતના રોપાઓ ઉછેરવામાં આવશે. વન દિવસ નિમિત્તે જ માર્ગ પર રોપાઓની વાવણી કરાયા બાદ આવતીકાલે પણ વાવણી ચાલુ રહેશે.

શહેરમાં ચોમાસા દરમિયાન ૧૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવનાર છે. નગરના વિવિધ માર્ગોના કલરકોડને અનુલક્ષી રોપાઓની વાવણી કરાશે. જે મુજબ વરસાદ પુર્વે જ વાવણીનુ કામ પુર્ણ કરી દેવાશે તેમ પણ વનતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.

# મનપાના હેલ્થ સેન્ટરોમાં ૨૫૦ થી વધુ આયુર્વેદ ઔષધના વૃક્ષો વવાયા



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના ચારેય અર્બન હેલ્થ સેન્ટરોમાં ૨૫૦થી પણ વધુ આયુર્વેદ ઔષધિના વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યુ હતુ.

મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી સહિતના ઉચ્ચ અધિકારીઓના હસ્તે આ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યુ હતુ.

બિલીપત્ર, સરગવો, અરડુસી જેવા વૃક્ષોનુ આજે વાવેતર કરવામાં આવ્યા બાદ તેના ઉછેર અને જતન માટે જે તે અર્બન હેલ્થ સેન્ટરના કર્મયોગીઓને જવાબદારી ઉપાડવાની ખાત્રી આપી છે.

ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં વધુ ને વધુ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવશે તેમ ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાવી કહ્યુ હતુ કે આયુર્વેદ ઔષધિઓનુ વાવેતર કરી નગરે નવો રાહ ચીંધ્યો છે. આયુર્વેદ એ સૌથી જૂની ચિકિત્સા પદ્ધતિ હોવાનુ પણ તેમણે કહ્યુ હતુ.

અર્બન હેલ્થ સેન્ટરોમાં સ્વચ્છતાની જાળવમી સાથે સ્વચ્છતાનુ જતન થાય એ પણ જરૂરી છે એમ તેમણે ઉમેર્યુ હતુ.

# કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસોની ફાળવણી માટે ટુંકમાં પ્રક્રિયા હાથ ધરાશે

## લોકાર્પણ દરમિયાન અરજદરોને રહેવા માટે ચાવી પણ આપી દેવાશે

ગાંધીનગર તા ૫

શહેરમાં સરકારી મકાનોની હાલત બદતર છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો તૈયાર કરી દેવાયા છે. સે-૭ અને ૨૯ માં નવા મકાનો બાંધવાનુ કામ મોટાભાગનુ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આવાસોનુ ટુંકમાં લોકાર્પણ કરવામાં આવનાર છે. ત્યારે સરકારી ચોપડે આવાસો સંદર્ભે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી બની છે. જેને ધ્યાને લઈ નવા આવાસોની ફાળવણીની પ્રક્રીયા પણ ટુંકમાં શરૂ કરી દેવાશે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસોની દશા બેઠી છે. જાળવણીના અભાવે સમય જતા મોટાભાગના આવાસો રહેણાંકને લાયક ન રહયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ પણ ભયજનક આવાસો ધ્યાને આવી રહયા છે. તંત્ર દ્વારા હજુ તબક્કાવાર જોખમી મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. ત્યારે નિકાલ હેઠળના

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૧ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં ખુલ્લી ગટરના લીધે ભયજનક ગાબડુ

## સે-૩ માં પણ બે મહીનાથી ગટર લાઇનની કામગીરીનો અંત આવતો નથી : વરસાદ નજીકમાં છે ત્યારે યોગ્ય માટીપુરાણ થાય તે જરૂરી

ગાંધીનગર તા ૫

શહેરમાં ખોદકામના અંતે



યોગ્ય માટીપુરાણ ન થતા આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે. ત્યારે પાણી ગટર તેમજ રસ્તાના ખોદકામના અંતે ભયજનક સ્થિતિનુ નિર્માણ થાય છે. સે-૨૧ ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં હાલ આવા જ દ્રશ્યો સર્જાયા છે. જેમાં શોપિંગની મુખ્ય દુકાનો પાસે જ મોટોમસ ખાડો અસ્તિત્વમાં આવ્યો છે .ખુલ્લી ગટર લાઈન ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. સે-૩ માં પણ છેલ્લા બે મહીનાથી ગટર લાઈનને અપગ્રેડ કરવાની કામગીરીનો અંત આવ્યો નથી. માટીના ઢગ હજુ યથાવત છે. જેના લીધે સ્થાનિક રહીશો ડસ્ટ એલર્જીનો ભોગ બની રહયા છે. બીજીતરફ વરસાદ નજીકમાં છે ત્યારે યોગ્ય માટી પુરાણ ન થવાના લીધે ગમે ત્યારે માટી પોલાણ થવાની દહેશત પણ પ્રવર્તી છે.

શહેરમાં સે-૩ માં ગટર લાઈનના અપગ્રેડેશન દરમિયાન તોતિંગ ખાડાઓ ખોદવામાં આવ્યા હતા. હાલમાં પણ આ વિસ્તારમાં કામગીરી ચાલુ હોવાથી ધુળિયા વાતાવરણ વચ્ચે ખાડાઓ યથાવત છે. ચોમાસુ નજીકમાં છે ત્યારે મેઘરાજાની ગમે તે ઘડીએ પધરામણી

● અનુસંધાન પાન-૭ પર



# કનેકટ ટૂ નેચર-ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુખ્યમંત્રી

વિશ્વ પર્યાવરણ દિવસની સવારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનું 'કનેકટ-ટૂ નેચર'નું આગવું દ્રષ્ટાંત પુરૂ પાડયુ હતું. વિજયભાઈ રૂપાણી કોઈ જ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ સિવાય સવારે ૭ વાગ્યે આ ઉદ્યાન પહોચ્યા હતા અને કુદરતી વાતાવરણના સાનિધ્યે મોર-ઢેલ-પક્ષીઓને ચણ તથા હરણાંઓને ઘાસચારો આપ્યા હતા. મુખ્યમંત્રીએ આ વેળાએ કહ્યું કે, પ્રકૃતિ-કુદરતી સંશાધનો-વૃક્ષો-પશુ પક્ષીઓની રક્ષા અને તેમની સાથે જોડાઈને સ્વહિતથી ઉપર ઉઠી પંચતત્વ સાથે પીંડને જોડવાનો આપણો સાંસ્કૃતિક ભાવ જ પર્યાવરણ જતન માટેનો ઉત્તમ માર્ગ છે.

# પર્યાવરણ દિવસની ઉજવણીથી પણ ભાજપના કાઉન્સીલરો વિમુખ રહ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે યોજાયેલ પર્યાવરણ દિવસ ઉજવણીના કાર્યક્રમમાં ભાજપના કાઉન્સીલરોની તેમજ પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીની ગેરહાજરીએ સૌની ચર્ચાનો વિષય બન્યો હતો.

કાર્યક્રમ તેના નિયત સમય કરતાં મોડો શરૂ થયો હતો. આ કાર્યક્રમમાં ભાજપના શહેર સંગઠનના પણ ગણ્યા ગાંઠ્યા જ આગેવાનોએ હાજરી આપી હતી.

ખુબજ ચર્ચાસ્પદ બનેલી આ ઉજવણીના કાર્યક્રમમાં પ્રભારી સચિવ પણ સચિવાલય ખાતે અગત્યની મિટીંગ હોવાથી સમય કરતાં વહેલા નીકળી ગયા હતા.

કોર્પોરેશનના સેવાસેતુ કાર્યક્રમમાં પણ ભાજપના કાઉન્સીલરોની ગેરહાજરીએ ચર્ચા જગાવી છે. મનપાના જ કાર્યક્રમોમાં સત્તાધારી પક્ષના કાઉન્સીલરો જે રીતે ઉદાસીનતા બતાવી રહ્યા છે તેમજ સંગઠન દ્વારા પણ પ્રજાલક્ષી કાર્યક્રમોમાં જે રીત કિનારા કરવામાં આવી રહ્યા છે તેની નોંધ પ્રદેશ કક્ષાએ લેવામાં આવી હોવાની વાતો આજે લોકજીભે ચર્ચા દરમ્યાન સાંભળવા મળી હતી.

















INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
Ramkrishna Paramhans Education Complex,
Nr. Mahatma Mandir "KH"-5, Sectro 15, Gandhinagar.
Phone -: 079-23243733/34 www.iite.ac.in

ભોજન વ્યવસ્થાના ભાવો આમંત્રિત કરવા બાબતની નોટીસ

આઈ.આઈ.ટી.ઈ.-સેકટર -૧૫, ગાંધીનગર હસ્તકની છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે હાલ વચગાળાની વૈકલ્પિક ભોજન વ્યવસ્થા પૂરી પાડવા એજન્સી/કેટરર્સ પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે, ભાવ પત્રક આઈ.આઈ.ટી.ઈ. સેકટર ૧૫ ખાતેથી તા:૦૬/૦૬/૨૦૧૭થી તા:૦૮/૦૬/૨૦૧૭ સુધીમાં મેળવી તા:૦૮/૦૬/૨૦૧૭ સુધીમાં ભરેલા ભાવ પત્રક પરત કરવાના રહેશે. ભાવ પત્રકનું ફોર્મેટતથા શરતો રૂબરૂ અથવા વેબ સાઈટ પરથી પણ મેળવી કરી શકાશે.

તારીખ:- ૦૫/૦૬/૨૦૧૭ કા.કુલસચિવ
સ્થળ:- ગાંધીનગર આઈ.આઈ.ટી.ઈ.





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com